## શેરબજાર

# ટ્રેડ વોર વકરવાની ભીતિથી બજાર અથડાઇ ગયું

### ટ્રમ્પની વધુ ૨૦૦ અબજ ડૉલરની ચાઇનીઝ પ્રોડ્ક્ટ પર ૧૦ ટકા જકાતની ચીમકીથી માર્કેટનું સેન્ટિમેન્ટ ખરડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઇઃ* અમેરિકાએ ચીનની વધુ આઇટમો પર જંગી જકાત લાદવાની જાહેરાત કરી હોવાથી વિશ્વબજારના કથળેલા સેન્ટિમેન્ટ વચ્ચે સ્થાનિક બજારમાં પ્રોફિટ બુકિંગને કારણે પ્રારંભિક સુધારો ધોવાઇ ગયો હતો, જોકે સેન્સેક્સ અને નિફ્ટી પોઝિટીવ ઝોનમાં ટકી રહેવામાં સફળ રહ્યાં હતાં. એ નોંધવું રહ્યું કે પાછલા સત્રમાં સેન્સેક્સે ટ્રીપલ સેન્ચૂરી ફટકારી હતી અને ૩૬,૦૦૦ પોઇન્ટની સપાટી વટાવી નાંખી હતી.

મુંબઇ શેરબજારનો સંવેદનસીલ શેરઆંક સેન્સેક્સ ૩૬,૨૩૯.૬૨ પોઇન્ટના પાછલા બંધ સામે ૩૬,૨૯૯.૨૬ પોઇન્ટની સપાટીએ ખૂલ્યા પછી સત્ર દરમિયાન ૩૬,૩૬૨.૩૦ પોઇન્ટની ઊંચી અને ૩૬,૧૬૯.૭૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૨૬.૩૧ પોઇન્ટ અથવા તો ૦.૦૭ ટકાના સુધારા સાથે ૩૬,૨૬૫.૯૩ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

એ જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક નિફ્ટી ૧૦,૯૪૭.૨૫ પોઇન્ટના પાછલા બંધ સામે ૧૦,૯૫૬.૪૦ પોઇન્ટની સપાટીએ ખૂલ્યા પછી સત્ર દરમિયાન ૧૦,૯૭૬.૬૫ પોઇન્ટની ઊંચી અને ૧૦,૯૨૩.૦૦ પોઇન્ટની નીચી સપાટીને અથડાઇને અંતે ૧.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૦૧ ટકાના સુધારા સાથે ૧૦,૯૪૮.૩૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

શેરદલાલોએ જણાવ્યું હતું કે, સેન્સેક્સ ઊંચા મથાળે ખૂલ્યો હતો પરંતુ અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોર વધુ વકરી રહી હોવાને કારણે વૈશ્વિક ઇક્વિટી માર્કેટના નકારાત્મક સંકેત વચ્ચે સ્થાનિક બજારમાં પણ વેચવાલીનું જોર વધ્યું હતું, જોકે બંને બેન્ચમાર્ક પોઝિટીવ ઝોનમાં ટકી રહેવામાં સફળ રહ્યાં હતાં.

નિરીક્ષકોએ જણાવ્યું હતું કે, રોકાણકારોએ ભારતના અર્થતંત્રની મજબૂતી પર વિશ્વાસ મૂકીને કોર્પોરેટ પરિણામોને આધારે શેરલક્ષા કામકાજ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જોકે અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડ વોર વધુ વકરવાની સંભાવનાને કારણે સેન્ટિમેન્ટ ડહોળાઇ ગયું હતું.

ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશને ચીનથી થતી ૨૦૦ અબજ ડોલરની આયાત પર નવી જકાત લાદવાની વિચારણાની જાહેરાત કરી હોવાથી એશિયા અને યુરોપના ઇક્વિટી માર્કેટમાં વેચવાલી શરૂ થઇ ગઇ હતી. બંને પક્ષમાંથી એકે પક્ષ આ સંદર્ભે બાંધછોડ કરવા તૈયાર ન હોવાનું જાણવા મળે છે. આ વધુ ૨૦૦ અબજ ડોલરની ચીજવસ્તુઓ પર ૧૦ ટકા ટેરિફ લાદવાનો નિર્ણય જાહેર ચર્ચાવિચારણા બાદ ૩૦મી ઓગસ્ટે લેવામાં આવશે.

વિશ્વબજારના સેન્ટિમેન્ટમાંથી સારા પરિબળોની સાવ બાદબાકી થઇ ગઈ હતી. જર્મનીના મે મહિનાના નિકાસ ડેટા ખૂબ જ સારા આવ્યાં છે અને તેની વ્યાપાર પુરાંતમાં સારો વધારો થયો છે. એ જ રીતે, અમેરિકાના જુન મહિનાના જોબ ડેટા સારા આવ્યાં છે, મે અને એપ્રિલના જોબ ડેટા પણ સારા હતા. ઉપરાંત તેની ટ્રેડ ડેફિસિટ ૧૯ મહિનાની નીચી સપાટીએ પહોંચી છે. આ પરબિળો ઇક્વિટી માર્કેટને તેજી આપી રહ્યાં છે. ફેડરલના ડેટા પણ મે મહિનામાં કન્ઝ્યુમર બોરોઇંગમાં વધારો થવાનો ટ્રેન્ડ દર્શાવે છે.

ટ્રેડ વોર વકરવા ઉપરાંત પણ કેટલાક નકારાત્મક પરિબળો છે, જેમ કે, યુએસ અને રશિયા વચ્ચે પણ તંગદીલી સર્જાઇ શકે છે. ટ્રમ્પે યુરોપની ટ્રીપના પ્રથમ તબક્કે બેલ્જિયમમાં બ્રસેલ ખાતે એવું કથન કર્યુ હતું કે કેટલીક અયોગ્ય એનર્જી ડીલને કારણે મોસ્કો યુરોપના સૌથી મોટા દેશ પર હાવી થઇ ગયું છે. જર્મની સંપૂર્ણપણે રશિયાના અંકુશ હેઠલ છે. યુકેના પ્રાઇમ મિનિસ્ટર થેરેસા મેયઝના બે સૌથી વરિષ્ઠ પ્રધાનોએ એક જ દિવસમાં રાજીનામા આપ્યાં હોવાથી યુકેની સરકારમાં યુરોપિય સંઘ છોડવા સંદર્ભની વાટાઘાટો અંગે ઊથલપાથલ મચી હતી, પરંતુ તેની ઇક્વિટી માર્કેટ પર સર જણાઇ નહોતી. જોકે, માર્કેટ એનાલિસ્ટ્સને એવો વિશ્વાસ છે કે કોર્પોરેટ પરિણામો એવા સારા આવશે કે તેને કારણે ટ્રેડ વોરની નકારાત્મક અસર ધોવાઇ જશે.

દરમિયાન સ્થાનિક સ્તરે પાછઠલા સત્રના ઉછાળા બાદ આ સત્રમાં નાના શેરોમાં વેચવાલી અને પીછેહઠ જોવા મળી હતી. એ નોંધવું રહ્યું કે, ભારતીય શેરબજારમાં છેલ્લા બે ટ્રેડિંગ સત્રો રિટેલ રોકાણકારો માટે રાહતરૂપી રહ્યાં છે. પાછલાં છ મહિનાઓ દરમિયાન એકધારા ઘટાડા બાદ મીડ-કેપ અને સ્મોલ-કેપ કાઉન્ટર્સમાં જીવ આવ્યો છે. છેલ્લા મહિનાઓમાં એકાદ-બે ટ્રેડિંગ સત્રોમાં નાના સુધારા દર્શાવીને ફરી ઘટાડાના માર્ગે આગળ વધતાં શેર્સે માત્ર સોમવાર અને મંગળવાર મળીને ૨૧ ટકા સુધીનો ઉછાળો નોંધાવ્યો છે. જે છેલ્લા કેટલાક સપ્તાહોનો ઉત્તમ કહી શકાય તેવો દેખાવ છે. છેલ્લાં ઘણાં સપ્તાહો દરમિયાન બેન્ચમાર્કમાં મજબૂતી વચ્ચે પણ મીડ-કેપ અને સ્મોલ-કેપ સેગમેન્ટમાં ભારોભાર નિરસતા જોવા મળતી હતી. છેલ્લા બે ટ્રેડિંગ સત્રોમાં માર્કેટ-બ્રેડ્થ પણ પોઝીટીવ રહી છે અને બીએસઇ ખાતે બે શેર્સમાં સુધારા સામે એક શેર્સમાં ઘટાડો નોંધાયો હતો.

માર્કેટ બ્રેથ નબળી પડી ગઈ હતી. બીએસઇ પર ટ્રેડેડ કતુલ શેરોમાંથી ૧૦૬૪ શેરના ભાવમાં સુધારો અને ૧૫૫૭ શેરના ભાવમાં ઘટાડો હતો, જ્યારે ૧૫૬ શેરના ભાવ મૂળ સપાટીએ પાછાં ફર્યાં હતાં. ટ્રેડ વોરના ભય વચ્ચે સૌથી વધુ વેચવાલી મેટલ શેરોમાં જોવા મળી હતી. ત્યારબાદ અનુક્રમે ઓટો, ટેલિકોમ, કન્ઝ્યુમર ડ્યુરેબલ શેરોમાં વેચવાલી અને પીછેહઠ જોવા મળી હતી. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્તરે આ સપ્તાહે પ્રથમ ક્વાર્ટરના પરિણામો ઉપરાંત ઔદ્યોગિક ઉત્પાદન આંક (આઇઆઇપી), કન્ઝ્યુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઇ)અને ભારતના વેપારના આંકડા (ટ્રેડ ડેટા) વગેરે જેવા આર્થિક ડેટા પણ બજારની ચાલ માટે મહત્ત્વના બની રહેશે. સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક ઓફિસ (સીએસઓ) દ્વારા આગામી તારીખ ૧૨ જૂલાઈના રોજ આઇઆઇપી અને સીપીઆઇ સહિતના આર્થિક ડેટા જાહેર કરવામાં આવશે. બજાર વર્તુળો અનુસાર રોકાણકારો અને સટોડિયાઓ દ્વારા આઇઆઇપી અને સીપીઆઇ ડેટા પર ખાસ નજર રાખવામાં આવશે. ■

## બુલિયન વૉચ

# વિશ્વ બજારથી વિપરીત સોનામાં ₹ ૧૦નો અને ચાંદીમાં ₹ ૨૫નો સુધારો

(અમારા પ્રતિનિધિ તરફથી)

*મુંબઈઃ* વૈશ્વિક બુલિયન માર્કેટમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં સુધારો આગળ ધપ્યાના નિર્દેશો સાથે સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક ઝવેરી બજારમાં બન્ને કીંમતી ધાતુઓમાં જ્વેલરી ઉત્પાદકોની છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં સુધારો આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૫ અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦ વધી આવ્યા હતા.

ચીનથી આયાત થતાં વધુ ૨૦૦ અબજ ડૉલરનાં ચીની ઉત્પાદનો પર ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવે તેવી શક્યતા ગઈકાલે અમેરિકી વહીવટીતંત્રએ વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે આ ટેરિફ સંદર્ભે બે મહિના સુધી જાહેર ટીકા-ટિપ્પણી મગાવવામાં આવશે અને ત્યાર બાદ તેનો અમલ કરવામાં આવશે.

અમેરિકી વહીવટીતંત્રના આ નિર્દેશને ધ્યાનમાં લેતાં ટ્રેડ વૉર વધુ વકરે તેવી ભીતિ હેઠળ આજે વિશ્વ બજારમાં ડૉલરમાં સલામતી માટેની માગ નીકળતાં યુઆન સામે ડૉલર ૧૧ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. જોકે, યુરો સામે ડૉલરમાં ટકેલું વલણ હતું.

અગાઉ અમેરિકાએ ચીનથી આયાત થતાં ૩૪ અબજ ડૉલરના ઉત્પાદનો પર ટેરિફ લાદતાં ચીને પણ અમેરિકાથી થતી સમાન મૂલ્યની આયાતો પર ટેરિફ લાદી હતી અને હવે જો અમેરિકા નવેસરથી ટેરિફ લાદે તો ચીન પણ તેટલી જ માત્રાના ટેરિફનું અનુસરણ કરે તેવી ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યાં છે.

આમ ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ઔંસદીઠ ભાવ આગલા બંધથી ૦.૪ ટકા ઘટીને ૧૨૪૯.૦૪ ડૉલર આસપાસ અને સોનાનો ઑગસ્ટ ડિલિવરી વાયદો આગલા બંધથી ૦.૪ ટકા ઘટીને ઔંસદીઠ ૧૨૫૦.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે ચાંદીના ઔંસદીઠ ભાવ આગલા બંધથી એક ટકાના ઘટાડા સાથે ૧૫.૮૯ ડૉલર આસપાસના મથાળે ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

દરમિયાન સ્થાનિક સોનાચાંદી બજારમાં આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની નવી લે-વેચ મર્યાદિત રહી હતી, પરંતુ ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની માગને ટેકે ભાવ સાધારણ કિલોદીઠ રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯,૧૩૦ની સપાટીએ રહ્યા હતા.

ચાંદીની જેમ સોનામાં પણ સ્ટોકિસ્ટોના વેપાર મર્યાદિત રહ્યા હતા તેમ જ જ્વેલરી ઉત્પાદકો, સ્થાનિક ડીલરો અને રિટેલ સ્તરની લેવાલી ખપપૂરતી રહેતાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦ વધીને ૯૯.૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦,૩૮૦ અને ૯૯.૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૩૦,૫૩૦ના મથાળે રહ્યા હતા. ■

# ડૉલર સામે રૂપિયામાં સાધારણ ૬ પૈસાનો સુધારો

*મુંબઈઃ* વિશ્વ બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ જળવાઈ રહ્યું હોવાના અહેવાલ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં જોવા મળેલા સુધારાતરફી વલણ તેમ જ ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવા અને ઔદ્યોગિક ઉત્પાદનના આંકડાની જાહેરાત પૂર્વે ટ્રેડરોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સાધારણ છ પૈસાનો સુધારો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૬૮.૮૩ના બંધ સામે ૬૮.૮૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૬૮.૮૯ અને ઉપરમાં ૬૮.૭૭ સુધી ક્વૉટ થયા બાદ અંતે આગલા બંધથી ૦.૦૪ ટકા અથવા તો ૬ પૈસાના સુધારા સાથે ૬૮.૭૭ના મથાળે બંધ રહ્યો હતો.

સૂત્રોના મતાનુસાર આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જળવાઈ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૨૬ પૉઈન્ટનો સુધારો આગળ વધતાં ટ્રેડરોના લોકમાનસમાં બદલાવ આવતાં રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. વધુમાં આજે ડૉલર સામે રૂપિયામાં સુધારો આવતાં ૧૦ વર્ષીય બૉન્ડની ઊપજ જે ગઈકાલે ૭.૮૯૯ ટકાની સપાટીએ હતી તેની સામે સાધારણ ઘટાડા સાથે ૭.૮૭૨ ટકાની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં ડૉલર સામે રૂપિયામાં ૭.૧૫ ટકાનું ધોવાણ થયું છે. ■

## મેટલ વૉચ

# વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ટીન અને નિકલ કોપરમાં કડાકા

### ચાઈનીઝ આયાત પર વધુ ટેરિફની અમેરિકાની વિચારણા

*મુંબઈઃ* ચીનથી આયાત થતાં વધુ ૨૦૦ અબજ ડૉલરના મૂલ્યના માલો પર ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવશે, એવી અમેરિકાએ ધમકી આપતાં ચીન પણ તેના પ્રત્યાઘાતમાં ટેરિફ લાદવાના પગલાં લેશે અને ટ્રેડ વૉર વધુ વકરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર, ઝિન્ક અને લીડના ભાવ એક વર્ષની નીચી સપાટીએ ગગડી ગયા હતા. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવમાં આવેલા કિલોદીઠ રૂ. ૨ના સુધારાને બાદ કરતાં ટીન, નિકલ, લીડ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને કોપરની વેરાઈટીઓના ભાવમાં કિલોદીઠ રૂ. ૧થી ૨૫ સુધીના કડાકા બોલાયા હતા.

અમે ચીનથી આયાત થતાં ૨૦૦ અબજ ડૉલરના મૂલ્યના માલો પર ૧૦ ટકા ટેરિફ લાદશું, એવા અમેરિકી વહીવટીતંત્રના નિવેદનને પગલે અમેરિકા-ચીન વચ્ચેનો વેપારી વિવાદ વધે તેવી ભીતિને ધ્યાનમાં લેતાં આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં ઘટાડો આવ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સત્રના આરંભે કોપરના ટનદીઠ ભાવ આગલા બંધથી ચાર ટકા ઘટીને ગત સાલના જુલાઈ મહિના પછીની સૌથી નીચી ૬૦૮૧ ડૉલર આસપાસની સપાટીએ, ઝિન્કના ભાવ આગલા બંધથી ૪.૮ ટકા ઘટીને જૂન ૨૦૧૭ પછીની નીચી ૨૫૦૩ ડૉલર પ્રતિ ટનની સપાટીએ, લીડના ભાવ ચાર ટકાથી ઘટીને જુલાઈ, ૨૦૧૭ પછીની નીચી ટનદીઠ ૨૨૨૦ ડૉલર આસપાસની સપાટીએ ક્વૉટ થઈ રહ્યા હતા.

દરમિયાન સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનુ દબાણ રહ્યું હતું તેમ જ ભાવઘટાડાના વલણને કારણે વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલી પણ અટકતાં ભાવમાં કડાકા બોલાઈ ગયા હતા. જેમાં ખાસ કરીને નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ ઘટીને રૂ. ૧૦૦૦, ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૩૯૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ ઘટીને રૂ. ૪૫૫, કોપર કેબલ સ્ક્રેપ, કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને અનુક્રમે રૂ. ૪૬૨, રૂ. ૪૯૦ અને રૂ. ૨૧૦, કોપર શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ૯ ઘટીને રૂ. ૪૪૬, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૮ ઘટીને રૂ. ૪૨૭, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૭ ઘટીને રૂ. ૪૫૦ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧ ઘટીને રૂ. ૧૬૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે છૂટીછવાઈ માગને ટેકે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨ વધીને અનુક્રમે રૂ. ૩૬૦ અને રૂ. ૩૪૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને અલ્યુમિનિયમ યુટેન્સિલ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૬૮ અને રૂ. ૧૨૫ના મથાળે ટકેલાં રહ્યાં હતા. ■

# નિરસ માગે મિડિયમ ગ્રેડની ખાંડમાં ₹ ૨૦નો ઘટાડો

### પ્રધાનકીય જૂથની બેઠકમાં ખાંડ પર સેસ લાદવાના મુદ્દે સહમતી ન સધાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

*નવી મુંબઈઃ* સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે એકંદરે રિટેલ સ્તરની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં હાજરમાં મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે નાકા ડિલિવરી ધોરણે પણ ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હતા. દરમિયાન આજની પ્રધાનકીય જૂથની બેઠકમાં ખાંડ પર સેસ લાદવાના મુદ્દે સહમતી ન થઈ હોવાની બજારમાં ચર્ચા હોવાનું બજારનાં સાધનોએ જણાવતાં ઉમેર્યું હતું કે આજે ઉઘાડ નીકળતાં રિટેલ દુકાનોમાં માગ ખૂલતાં આવતીકાલે સ્થાનિકમાં રિટેલ સ્તરની લેવાલી નીકળવાનો બજારમાં આશાવાદ સેવાઈ રહ્યો છે.

સ્થાનિકમાં આજે અંદાજે ૨૫થી ૨૬ ટ્રકની આવક સામે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો, જેમાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ ક્વિન્ટલે રૂ. ૩૨૫૨થી ૩૩૦૨ આસપાસ ગુણવત્તાનુસાર ધોરણે ટકેલા રહ્યા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટીને રૂ. ૩૨૯૨થી ૩૫૮૨ આસપાસ રહ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૨૦૫થી ૩૨૯૫માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૨૭૫થી ૩૩૯૫માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે આજે મિલો પર સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડર ક્વિન્ટલે રૂ. ૩૧૨૦થી ૩૧૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના ટેન્ડર ક્વિન્ટલે રૂ. ૩૨૩૦થી ૩૨૯૦ આસપાસના મથાળે જવાની ધારણા સૂત્રો મૂકી રહ્યા હતા. ■

## કોમોડિટી

# ઑગસ્ટ મહિના માટે મલયેશિયાએ પામતેલ પરનો નિકાસવેરો અડધો ટકો ઘટાડ્યોઃ આયાતી તેલમાં ઘટાડો

*મુંબઈઃ* શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૧૪ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં અમેરિકા-ચીન વચ્ચેનું ટ્રેડ વૉર વધુ ઉગ્ર બને તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટિવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પંચાવન રિંગિટનો ઘટાડો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૬, ક્રૂડ પામતેલમાં રૂ. ૫ અને સોયા રિફાઈન્ડ તથા સોયા ડિગમના ભાવમાં રૂ. ૩નો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે વેપારો અત્યંત નિરસ રહ્યાના અહેવાલ હતા.

દરમિયાન આગામી ઑગસ્ટ મહિના માટે મલયેશિયાએ પામતેલ પરનો નિકાસ વેરો ૦.૫ ટકા ઘટાડીને ૪.૫ ટકા નિર્ધારિત કર્યો હોવાના અહેવાલ હતા. વધુમાં ઈન્ડોનેશિયન સરકાર સ્થાનિકમાં પામતેલને ટેકો આપવા માટે બાયો ડિઝલમાં બ્લેન્ડિંગ માટેની ટકાવારી જે હાલ ૨૦ ટકા છે તે વધારીને ૩૦ ટકા કરવાની દિશામાં વિચારણા કરી રહી હોવાના અહેવાલ હતા. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ લિબર્ટીના આરબીડી પામોલિનના રૂ. ૭૧૧ અને સન રિફાઈન્ડના રૂ. ૮૨૦, રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૬૯૫, સોયા રિફાઈન્ડના રૂ. ૭૩૩થી ૭૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૭૮૫ તથા અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૭૧૫, સોયા રિફાઈન્ડના રૂ. ૭૭૫ અને સન રિફાઈન્ડના રૂ. ૮૨૦ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નહોતા.આજે ગુજરાતમાં ગોંડલ તેમ જ રાજકોટ એમ પ્રત્યેક મથક પર મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક સામે વેપાર ૨૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૬૫૦થી ૭૬૦માં અને રૂ. ૬૩૦થી ૭૭૦માં થયાના અહેવાલ હતા, જ્યારે આજે ગુજરાતના ખાદ્યતેલનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર રૂ. ૧૨૬૦થી ૧૩૨૦માં અને લૂઝમાં રૂ. ૭૭૦થી ૮૨૦માં અને વૉશ્ડ કૉટનના વેપાર રૂ. ૭૪૦થી ૭૪૩માં થયા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૬૯૦થી ૬૯૪, ક્રૂડ પામોલિનના રૂ. ૬૩૨થી ૬૩૩, સોયા રિફાઈન્ડના રૂ. ૭૫૭, સોયા ડિગમના રૂ. ૭૧૨, સન રિફાઈન્ડના રૂ. ૭૯૫, સન ક્રૂડના રૂ. ૭૬૦, સિંગતેલના રૂ. ૮૩૫, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૭૮૫ અને સરસવના રૂ. ૮૪૦ આસપાસ રહ્યા હતા. ■

## ટૅક્સ સંબંધી સવાલો તમારા ને જવાબ નિષ્ણાતના

મેટ્રો જંકશનના કટારલેખક શ્રી હર્ષિત કઢી (સી. એ.)ને વાચકો જીએસટી સહિતના કોઇ પણ ટૅક્સ અંગેના પ્રશ્નો પૂછી શકે છે, જેનો ઉત્તર તેઓ મેટ્રો જંકશનમાં પ્રસિદ્ધ થતી કટારમાં જ આપશે. તમારા પ્રશ્નો નીચેના ઇ-મૅલ પર મોકલવાના રહેશે.

gstquery@bombaysamachar.com

## બિઝનેસ બિટ્સ

### ટીસીએનએસ ક્લૉધિંગ ₹ ૧,૧૦૦ કરોડ ઉઘરાવશે

*મુંબઇઃ* ટીસીએનએસ ક્લૉધિંગ રૂ. ૧,૧૦૦ કરોડ ઉઘરાવવાની નેમ સાથે ૧૮મી જુલાઇએ મૂડી બજારમાં પ્રવેશ કરી રહી છે. પ્રાઇસ બેન્ડ રૂ. ૭૧૪થી રૂ. ૭૧૬ નક્કી થઇ છે. ઓફ ૨૦મી જુલાઇએ બંધ થશે. કંપનીના શેર બીએસઇ અને એનએસઇ પર ૩૦મી જુલાઇએ લિસ્ટેડ થશે. કંપની ૪૧૮ એક્ઝક્લુઝીવ, ૧૩૦૫ લાર્જ ફોરમેટ સ્ટોર અને ૧૩૬૧ મલ્ટી બ્રાન્ડ સ્ટોર મારફત વેચાણ કરે છે.

### જીએસટીઃ એક ક્લિકમાં બિલ અને દસ્તાવેજનું સ્કેનિંગ શક્ય

*મુંબઈઃ જીએસટીની પ્રથમ એનિવર્સરી નિમત્તે આઈરિસ બિઝનેસ* સર્વિસીસ દ્વારા આઈરિસ પેરિડોટ લોન્ચ કરવામાં આવ્યું છે, જે એક ક્લિકમાં બિલો અને દસ્તાવેજો સ્કેન કરી શકે છે અને કરદાતાની જીએસટીઆઈએન આઈડીની વેલિડિટી રિટર્ન કરી, રિટર્ન્સ ફાઈલિંગને અભિમુખ બનાવે છે.

### બ્રિટાનિયા અને જેએસડબલ્યુ ટૂંક સમયમાં નિફ્ટીમાં સામેલ થશે?

*મુંબઈઃ* બિસ્કિટ ઉત્પાદક બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ અને સ્ટીલ પ્રોડક્ટ્સ ઉત્પાદક જેએસડબલ્યુ સ્ટીલ ટૂંક સમયમાં બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સમાં પ્રવેશે તેવી શક્યતા છે. આગામી ઇન્ડેક્સ રિબેલેન્સિંગમાં તેઓ એચપીસીએલ અને લુપિનનું સ્થાન લેશે તેમ એનાલિસ્ટ્સે કહ્યું હતું. એક નોંધ અનુસાર ઓગસ્ટના અંતમાં એક્સ્ચેન્જમાં સામેલ કરવાના અને બાકાત કરવાના શેરની યાદી બહાર પડશે. ઓક્ટોબર સિરિઝમાં નિફ્ટીમાં આ શેરને સામેલ કરવામાં આવે તેવી શક્યતા છે. ગાઇડલાઇન્સ પ્રમાણે કોર્પોરેટ એક્શન અથવા ડિલિસ્ટિંગ જેવા ફરજિયાત ફેરફારના કિસ્સામાં ઇન્ડેક્સમાં શેરને બદલવામાં આવી શકે છે. સૌથી વધારે ફ્રી ફ્લોટ માર્કેટ કેપિટલાઇઝેશન ધરાવતા તથા લિક્વિડિટી, ટર્નઓવર અને ફ્રી ફ્લોટના અન્ય નિયમોનું સમાધાન કરતા શેરને સમાવિષ્ટ કરવાનું વિચારવામાં આવશે. કેલેન્ડર વર્ષમાં ઇન્ડેક્સ સાઇઝના વધુમાં વધુ ૧૦ ટકાનો ફેરફાર કરી શકાય છે. એટલે કે ૫૦ શેર્સમાંથી વધુમાં વધુ પાંચ શેરને બદલી શકાય.

### હીલટોપ કન્સ્ટ્રકશનનું બીગબ્લોક કન્સ્ટ્રકશન દ્વારા એક્વિઝિશન

*મુંબઈઃ* બીએસઇને કરેલી જાણ અનુસાર બીગબ્લોકે એએસી બ્લોક્નું ઉત્પાદન કરતી અને બે લાખ ક્યુબિક મીટરની ક્ષમતા ધરાવતી હીલટોપ કન્સ્ટ્રકશનનું એક્વિઝિશન કર્યુ છે. કંપની ઉત્તર ગુજરાત, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનમાં બિઝનેસ વિસ્તારવા માગે છે. ઓટોક્લેવ્ડ એરેટેડ કોંક્રિટ, ફ્લાય એશ બ્રિક્સ, ફ્લાય એશ બ્રિક્સ સહિત મકાન સામગ્રીના અગ્રણી ઉત્પાદક બીગબ્લોક કન્સ્ટ્રકશન લિ.એ જાણ કરી છે કે કંપની નવા બિઝનેસ પ્રસ્તાવોની અને યોજનાઓ ધરાવે છે. ઉપરાંત કેટલીક મોટી ફાઇનાન્સિયલ સંસ્થાઓ કંપનીમાં હિસ્સો ખરીદવાની તૈયારીમાં હોવાની પણ ચર્ચા છે. અગાઉ કંપનીના પ્રમોટરોએ ક્રિપીંગ એક્વિઝિશન મારફત શેરહોલ્ડિંગ વધારી દીધું હતું અને હજુ પણ ઓપન માર્કેટ દ્વારા શેરહોલ્ડિંગમાં વધારો કરવાનું વિચારી રહ્યા છે અને શેરબજારોને તેમના ઇરાદા વિશે યોગ્ય રીતે જાણ કરવામાં આવી છે. બિગબ્લોક પાસે ગુજરાતમાં અત્યાધુનિક મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ છે, જે કાચી સામગ્રી તરીકે ફ્લાય એશનો ઉપયોગ કરે છે, કારણ કે તેનાથી ઊર્જા બચત સાથે વીજળીનો રિકરિંગ ખર્ચ બચાવવા અને કાર્બન ક્રેડિટ્સ કમાવવામાં મદદ મળે છે.

### ટાટા મોટર્સ કાર બિઝનેસમાં એક અબજ ડોલરનું રોકાણ કરશે

*મુંબઈઃ* જેગુઆર લેન્ડ રોવર (જેએલઆર)માં પાછલા કેટલાક સમયથી પ્રતિકૂળ સમાચાર છતાં ટાટા મોટર્સ કાર માર્કેટ પર બહુ બુલિશ છે. કંપની આગામી ત્રણ વર્ષમાં પેસેન્જર વ્હિકલ બિઝનેસમાં અત્યાર સુધીનું સૌથી મોટું એક અબજ ડોલરનું રોકાણ કરશે. ટાટા મોટર્સના બોર્ડે પેસેન્જર વ્હિકલ અંગેની સ્ટ્રેટેજીને મંજૂરી આપી છે અને લાંબા સમય પછી ક્ષમતા વિસ્તરણ, પ્રોડક્ટ્સ, વેચાણ અને માર્કેટિંગ સહિતની કામગીરીમાં મોટા પાયે રોકાણ કરવામાં આવશે. કંપની પુણે અને સાણંદ ખાતે નવા મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટમાં રોકાણ કરશે. જેમાં આગામી પાંચ વર્ષમાં કંપનીના આધુનિક મોડ્યુલર આર્કિટેક્ચર્સ ઓમેગા અને આલ્ફાનું ઉત્પાદન કરવામાં આવશે. ■

સ્માર્ટ બિઝનેસ
મેટ્રો જંક્શન
વાંચો આજના અંકમાં
રિઝલ્ટ પછી આઈટી સ્ક્રીપોમાં ભારે તેજી

ડૉલર સામે રૂપિયો ૬૮થી ૭૨ની રૅન્જમાં રહેશે
વિશ્વ આર્થિક કટોકટી ભણી આગળ વધી રહ્યું છેઃ મોબિયસ
ક્નૉટ પ્લૅસમાં જગતની નવમી સૌથી વધુ મોંઘી ઑફિસો
વિસ્તારા ૧૯ ઍરબસ અને ₹ ૨૧,૩૦૦ કરોડના બોઈંગ ખરીદશે
ક્રૂડનું મોટું બિલ કે ટ્રમ્પ, કોની અવગણના કરવી?
ભારત અને ચીનને મૂંઝવતો પ્રશ્ન

નવું આર્થિક અખબાર 'મેટ્રો જંકશન' મુંબઈ સમાચાર જૂથનું જ છે. જોકે, આ અખબાર 'મુંબઈ સમાચાર'થી અલગ રૂ. ૪ની કિંમતે અપાશે. આ અખબાર મગાવવા માટે વાચકોએ ફેરિયાને જાણ કરવાની રહેશે. 'મેટ્રો જંકશન' મેળવવામાં વાચકોને જો કોઈ મુશ્કેલી પડે તો તેઓ ૨૨૦૪૫૫૩૧-૩૨-૩૩ (એક્સ્ટેન્શન-૩૫) પર સંપર્ક સાધી શકે છે.
-વ્યવસ્થાપક
આવતી કાલે વાંચો 'સીધું ને સટ' જયેશ ચિતલિયાની કલમે